ક્રમાંક:હ-૨/સ્કો/૨૦૧૯/૧૦૧૯

ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી,
બ્લોક નં: ૧૨/૨
ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર
તા.30/0૯/૨૦૧૯

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી અને બિન સરકારી કોલેજો તમામ.

વિષય:- "સેન્ટ્રલ સેકટર સ્કીમ ઓફ સ્કોલરશીપ ફોર કોલેજ એન્ડ યુનિ. સ્ટુડન્ટસ" વર્ષ-૨૦૧૯ યોજના અન્વયે ઓનલાઈન વેરીફીકેશન કરવા બાબત.

સંદર્ભ:- (૧) "સેન્ટ્રલ સેકટર સ્કીમ ઓફ સ્કોલરશીપ ફોર કોલેજ એન્ડ યુનિ. સ્ટુડન્ટસ" યોજનાની વેબસાઈટ https://scholarships.gov.in
(૨) માન. મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનાની વેબસાઈટ https://mysy.guj.nic.in
(3) ડીજીટલ ગુજરાત યોજનાની વેબસાઈટ www.digitalgujarat.gov.in

સવિનય ઉપરોક્ત વિષય અને સંદર્ભ(૧),(૨),(3) અન્વયે જણાવવાનું કે ગુજરાત રાજ્યના સરકારી અને બિન સરકારી કોલેજોના વિદ્યાર્થીઓ દ્વારા જુદી જુદી ઉપલબ્ધ શિષ્યવૃત્તિ યોજના જેવી કે "સેન્ટ્રલ સેકટર સ્કીમ ઓફ સ્કોલરશીપ ફોર કોલેજ એન્ડ યુનિ. સ્ટુડન્ટસ" યોજના, માન. મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અને ડિજીટલ ગુજરાતની શિષ્યવૃત્તિઓમાં ઓનલાઈન અરજી કરવામાં આવે છે. આ તમામ શિષ્યવૃત્તિનો લાભ મેળવવા માટે અલગ અલગ ઠરાવ અને ગાઈડલાઈન છે જે વેબસાઈટ પર ઉપલબ્ધ છે. ઉક્ત સંદર્ભ (૧),(૨) અને (3) માં જણાવ્યા મુજબની સ્કોલરશીપના ઠરાવ/ગાઈડલાઈન અનુસાર વિદ્યાર્થીઓ એક જ યોજનામાં લાભ લઈ શકે છે.

આથી આપની કક્ષાએ આ શિષ્યવૃત્તિ હેઠળ વિદ્યાર્થીઓના શિષ્યવૃત્તિની અરજી અને ડોક્યુમેન્ટ આધારો વેરીફીકેશન કરવામાં આવે ત્યારે ઉક્ત સંદર્ભ (૧),(૨) અને (3) ના ઠરાવ અને ગાઈડ લાઈનમાં જણાવ્યા મુજબ વિદ્યાર્થી ઉક્ત પૈકી એક જ સ્કોલરશીપનો લાભ લે છે, તે ધ્યાને લઈ વિદ્યાર્થીને વેરીફીકેશન કરી આપવા વિનંતી છે. આ યોજનાઓમાં ઓનલાઈન પોર્ટલ પર વિદ્યાર્થીઓની અરજીઓ સાથેના આધારોનુ વેરીફીકેશન કોલેજ કક્ષાએ કરવાનું થાય છે. આથી વિદ્યાર્થી કોઈપણ એક જ સ્કોલરશીપ યોજનાનો લાભ મેળવે તે સુનિશ્ચિત સ્કોલરશીપ વેરીફાય કરનાર સંસ્થા/કોલેજની રહે છે. જેને ધ્યાને લઈ વિદ્યાર્થીઓની અરજીઓનું વેરીફીકેશન કરી આપવા વિનંતી છે.

નાયબ નિયામક
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
ગુ.રા., ગાંધીનગર